| | |
|---|---|
| | **ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**<br>જલસેવા ભવન, 'છ'-રોડ, એરફોર્સ સામે,<br>સેકટર-૧૦/એ, ગાંધીનગર |
| એમ.એચ.પટેલ | Tel: 079-23222547 , 079-23220859 , 079-23225979 |
| મુખ્ય ઇજનેર(યાં) | Email-cemgwssb@gmail.com |


જા.નં.મુ.ઇ.(યાં)/એમ-૩/ વાહન ખરીદ નીતિ/ ૨૮૨ /૨૦૧૯ તા:- ૮/૦૩/૧૯

પ્રતિ,

મુખ્ય ઇજનેરશ્રી/પ્રોજેકટ ડાયરેકટરશ્રી,

(ટેક.સેલ./પ્લા.&મોની.સેલ/મટી.સેલ/અર્બન સેલ)

બોર્ડ કચેરી, ગાંધીનગર

પ્રતિ,

મુખ્ય ઇજનેરશ્રી(ઝોન કચેરી),

(ઝોન-૧/૨/૩/૪/૫,)

ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ.

વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ

પ્રતિ,

નિયામકશ્રી,

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા,

સેકટર-૧૫, ગાંધીનગર

પ્રતિ,

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,

વાસ્મો, ગાંધીનગર

વિષય:- વાહનો ખરીદવા અંગેની નવી નીતિ નક્કી કરવા બાબત.

સંદર્ભ :- ૧. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ઠરાવ ક્રમાંક :-જીટીએસ-૧૦૨૦૧૩-૩૧૯-ઘ, તા:-૦૬/૦૩/૧૯.

ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સંદર્ભ-૧ તળેના ઠરાવથી નવી વાહનનીતિ તાત્કાલિક અસરથી સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. જે આપશ્રીની જાણ સારૂ આ સાથે બિડાણમાં સામેલ છે.

બિડાણ-ઉપર મુજબ

(એમ.એચ.પટેલ)
મુખ્ય ઇજનેર(યાં)

નકલ સાદર રવાના પ્રતિશ્રી:-

- અંગત સચિવશ્રી(માન.અધ્યક્ષશ્રી), માન.અધ્યક્ષશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી(માન.સભ્યસચિવશ્રી), માન.સભ્યસચિવશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર.

નકલ શુભેચ્છા સહ રવાના પ્રતિશ્રી:-

- મુખ્ય વહીવટી અધિકારી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના પ્રતિશ્રી:-

- અ.ઇ.શ્રી(યાં), જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, વડોદરા/અમદાવાદ/રાજકોટ/જુનાગઢ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- કાઇ.શ્રી(યાં)સર્વે, જાહેર આરોગ્ય યાંત્રિક/સ્ટોર વિભાગ,__________ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સિસ્ટમ મેનેજરશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ વેબસાઇટ ઉપર અપલોડ કરવા સારૂ.

C:\Users\hp\Desktop\6-8-2013 Surendranagar Mal-Saman.doc

વાહનો ખરીદવા અંગેની નવી નીતિ
નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જીટીએસ-૧૦૨૦૧૩-૩૧૯-ધ
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૦૩/૨૦૧૯

વંચાણે લીધાઃ–

(૧) વિભાગનો તા.૨૪/૦૯/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ જીટીએસ/૧૦૨૦૦૬/યુ.ઓ.-૮/ધ

(૨) વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૦/૦૧/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ મકમ-૨/જીટીએસ/વાહનખરીદ નીતિ/ઓન/૪૫.

## ઠરાવ

રાજ્ય સરકારના જુદા-જુદા અધિકારીશ્રીઓ અને કચેરીઓ માટે સરકારી વપરાશ માટે વાહન ખરીદવા અંગે વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ના સંદર્ભ ક્રમાંક-૧ હેઠળના ઠરાવથી સરકારશ્રી દ્વારા વાહનનીતિ નક્કી કરવામાં આવેલ હતી. સંદર્ભ-૨ અન્વયે વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા છેલ્લા દસ વર્ષમાં ઓટોમોબાઈલ ક્ષેત્રે ખૂબજ પ્રગતિ થવાના કારણે હાલમાં અમલમાં રહેલ વાહન નીતિમાં સમાવેશ થયેલ વાહનોના ઘણા બધા મોડલ સદંતર બંધ થતા અથવા તો તેની સરખામણીમાં સારી ટેકનોલોજી વાળા હાલની પ્રવર્તમાન નીતિમાં સમાવિષ્ટ ન હોય તેવા વાહનો હાલમાં બજારમાં ઉપલબ્ધ હોવાના કારણે તેમજ રાજ્ય મંત્રીમંડળના માન.મંત્રીશ્રીઓ, રાજ્યની મુલાકાતે પધારતા મહાનુભાવો, અલગ-અલગ બંધારણીય સંસ્થા/બોર્ડ/કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓ માટેના વાહનો નવી વાહનનીતિમાં સમાવેશ કરવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ. જે અનુસંધાને નવી વાહનનીતિ બનાવવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે સંદર્ભ ક્રમાંક-૧ અન્વયે વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવથી નિયત કરેલ પ્રવર્તમાન વાહનનીતિ રદ કરીને રાજ્ય મંત્રીમંડળના માન.મંત્રીશ્રીઓ, રાજ્યની મુલાકાતે પધારતા મહાનુભાવો, અલગ-અલગ બંધારણીય સંસ્થા/બોર્ડ/કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ કચેરીઓ માટે દર્શાવ્યા મુજબની નવી વાહનનીતિ તાત્કાલિક અસરથી અમલમાં મુકવાનું આથી રાજ્ય સરકાર ઠરાવે છે.



Scanned by CamScanner

| GOVERNMENT VEHICLE PURCHASE POLICY | | |
|---|---|---|
| Sr. No. | List of Dignity/ Officers/ Offices | Vehicle Model admissible |
| 1 | Hon'ble Ministers & MOSs | Toyota Innova Crysta 2.4 ZX 7 Seater |
| 2 | VVIP State Guest | Toyota Innova Crysta 2.4 ZX 7 Seater |
| 3 | Chief Secretary | Toyota Innova Crysta 2.4 ZX 7 Seater |
| 4 | Chairman of Different Constitutional Body/ Board/Corporation/ Commission | Toyota Innova Crysta 2.4 VX 7 Seater |
| 5 | Additional Chief Secretary / Principal Secretary / Secretary or MD / CEO of Board Corporation or HOD Rank of Secretary and above. | Toyota Innova Crysta 2.4 VX 7 Seater |
| 6 | Collector / DDO / SP/ District judge and All other District Level Officers of All India Services | Toyota Innova Crysta 2.4 GX 7 Seater |
| 7 | Head of Department (Director) / Equivalent Post of HOD – CEO/MD Board – Corporation. | Maruti Ciaz Alpha 1.3 |
| 8 | Staff Car for Government Offices | Tata Sumo Gold CX |
| | | Mahindra & Mahindra Bolero ZLX 2WD PS |
| | | Maruti Swift Dzire ZXI |

**શરતો**:-

1. નક્કી કરાયેલ તમામ પ્રકારના વાહનો Government E marketplace (GEM) પરથી જ ખરીદવાના રહે છે.
2. જે વાહનો Government E marketplace (GEM) પર ઉપલબ્ધ નથી તે Government E marketplace (GEM) પર ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરે સત્વરે હાથ ધરવાની રહેશે.
3. વાહનનીતિમાં સમાવેશ થયેલ તમામ વાહનોની ખરીદી સમયે પ્રવર્તમાન બજાર કિંમત મુજબ Government-E-marketplace (GEM) પરથી જ વાહન ખરીદવાનું રહેશે તેમજ આ વાહન ખરીદીના હુકમની નકલ બંદરો અને વાહન વ્યવહાર વિભાગને અચૂક મોકલવાની રહેશે.
4. હવેથી મોડેલ બેઝ્ડ ખરીદી કરવાની રહેતી હોઈ જે તે મોડેલની જે તારીખે ખરીદી કરવાની થાય તે તારીખે જે કિંમત હશે તે મુજબ Government E marketplace (GEM) પરથી સંબંધિત વિભાગ વાહન ખરીદી કરી શકશે.



Scanned by CamScanner